IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# બાળકો માટે રમકડાં પસંદગીના સંદર્ભમાં માતાપિતાના દ્રષ્ટિકોણનો અભ્યાસ

[1.]ડૉ. રૂપમ બી. ઉપાધ્યાય

[2.]દેવાંગીબેન સૌંડાગર

એસોસિએટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

રિસર્ચ આસિસ્ટંટ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

સારાંશ:

રમકડાં બાળકના વિકાસ માટે મૂળભૂત સાધન તરીકે કાર્ય કરે છે. બાળકો રમકડાંથી રમતી વખતે આનંદ અનુભવે છે, પરંતુ રમકડાં એ બાળકો માટે માત્ર આનંદપ્રમોદ કરવાનું સાધન નથી. રમકડાં બાળકોના શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે રીતે બાળકો માટે રમકડાંની પસંદગી તેમના વિકાસનું એક મહત્વપૂર્ણ પાસું છે. રમકડાં બાળકના શારીરિક, સામાજિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસને પ્રભાવિત કરે છે. રમકડાં દ્વારા બાળક મનોરંજન પ્રાપ્ત કરે, રમકડાંના માધ્યમથી કંઈક શીખે, રમકડાં સાથે બાળકની સલામતી, અને રમકડાં અંગે બાળકની પસંદગી જેવા વિવિધ પરિબળોના આધારે કયા રમકડાં ખરીદવા તે નક્કી કરવામાં માતાપિતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતાપિતા તેમના બાળકો માટે રમકડાં ખરીદતા પહેલા અનેક પાસાઓનો વિચાર કરે છે. આ પાસાઓને સમજવાથી માતાપિતાના વલણ અને રમકડાની પસંદગી પર સામાજિક પ્રભાવોની સમજ જાણવા મળે છે. આ બાબતને કેન્દ્રમાં રાખી સંશોધકે બાળકો માટે રમકડાં પસંદગીના સંદર્ભમાં માતાપિતાના દ્રષ્ટિકોણનો અભ્યાસ વિષય પર સંશોધનપત્ર રજૂ કરવાનું નક્કી કર્યું. આ સંશોધનપત્રનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો માટે રમકડાં પસંદગીના સંદર્ભમાં રમકડાં પસંદગીનો હેતુ, રમકડાંનું મટેરિયલ, રમકડાં સંદર્ભે બાળકનું વર્તન, રમકડાંનો બાળક દ્વારા ઉપયોગ સંદર્ભે માતાપિતાના દ્રષ્ટિકોણનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધન માટે જન્મથી ૬ વર્ષ સુધીના ૧૦૧ માતાપિતા પાસેથી સંશોધક રચિત

પ્રશ્નાવલીના માધ્યમથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નિદર્શ પસંદગી માટે બિનસંભાવ્ય નિદર્શ પદ્ધતિ પૈકી સ્નોબોલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલ પરિણામો પર દ્રષ્ટિ કરીએ તો માતાપિતાઓના દ્રષ્ટિકોણમાં રમકડાંનું શૈક્ષણિક મૂલ્ય અને બાળકની ખુશી મુખ્ય પરિબળો તરીકે જોવા મળે છે. કિંમત, ટકાઉપણું અથવા અવાજ જેવા પરિબળો તુલનાત્મક રીતે ગૌણ માનવામાં આવ્યા છે. માતાપિતા બાળકો માટે રમકડાં પસંદ કરતી વખતે પ્લાસ્ટિકના રમકડાં પ્રત્યે વધુ ઝુકાવ દર્શાવે છે. જે માતાપિતાની  પ્લાસ્ટિકથી થતાં નુકસાન વિશેની અસભાનતા તરફ આંગળી ચીંધે છે. મોટાભાગે માતાપિતા બાળકની પસંદગીના રમકડાં ખરીદે છે. આજના માતાપિતાઓ બાળકોની ઇચ્છા અને પસંદને મહત્વ આપે છે અને તેમને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવે છે, જે બાળકેન્દ્રિત લાલનપાલનના આધુનિક અભિગમને પ્રતિબિંબિત કરે છે.

ચાવીરૂપ શબ્દો : રમકડાં, રમકડાં પસંદ કરતી વખતે માતાપિતાનો દ્રષ્ટિકોણ

**પ્રસ્તાવના:**

શિશુ વિકાસના પ્રારંભિક તબક્કામાં રમકડાંની ભૂમિકા અતિમહત્ત્વની છે. રમકડાં શિશુના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસને વેગ આપે છે. શિશુના વિકાસમાં રમકડાં શૈક્ષણિક સાધન તરીકે કાર્ય કરે છે. શૈક્ષણિક સાધન તરીકે રમકડાં શિશુને તેની આસપાસના વાતાવરણ સાથે આંતરક્રિયા કરવાની, સર્જનાત્મકતાના વિકાસમાં અને સમસ્યા સમાધાનમાં મદદરૂપ બને છે. જ્યારે માતાપિતા રમકડાંની પસંદગી કરે છે ત્યારે તેઓ માત્ર આર્થિક બાબતને ધ્યાનમાં રાખીને નિર્ણય નથી લેતા, અપિતુ તે સુરક્ષા, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પરિબળોથી પણ પ્રભાવિત થાય છે. શિશુઓ માટે રમકડાં પસંદગી સંદર્ભે માતાપિતાના અભિપ્રાયને સમજવું જરૂરી છે, કારણ કે તેનાથી ખ્યાલ આવે છે કે રમકડાંની પસંદગી કેવી રીતે શિશુના વિકાસ, અનુભવો અને વર્તનને ઘડે છે.

સંશોધન સૂચવે છે કે રમકડાં બાળકના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. રમકડાંની મદદથી રમવું બાળકની સમસ્યાનો ઉકેલની ક્ષમતા, ભાષા વિકાસ અને ભાવનાત્મક નિયમન સાથે જોડાયેલું છે (Ginsburg, 2007). ખાસ કરીને શૈક્ષણિક રમકડાં બાળકોની શારીરિક કુશળતાઓ અને બૌદ્ધિક વિકાસ માટે સહાયક છે. શૈક્ષણિક રમકડાં બાળકોને પ્રારંભિક તબક્કે વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) જેવા ક્ષેત્રોનો પરિચય પણ કરાવે છે (Zosh et al., 2018). પરંપરાગત રમકડાં જેમ કે ઢીંગલીઓ સાથે રમવું, બ્લોક્સ, પઝલ્સ વગેરે કલ્પનાશક્તિની સાથે સામાજિક વિકાસને પ્રોત્સાહિત કરે છે, જ્યારે ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ રમકડાં આંતરક્રિયાત્મક અનુભવ આપે છે પરંતુ આ પ્રકારના રમકડાં સર્જનાત્મકતાને મર્યાદિત કરી શકે છે (Milteer & Ginsburg, 2012).

અનેક સંશોધનો દર્શાવે છે કે માતાપિતા રમકડાં ખરીદતી વખતે સલામતી, શૈક્ષણિક મૂલ્ય અને બાળકના રસને પ્રાથમિકતા આપે છે (Whitebread, 2012). જાતિ આધારિત માન્યતાઓ પણ રમકડાંની પસંદગીને અસર કરે છે, જેમાં માતાપિતા સમાજમાં સ્થાપિત માન્યતાઓના આધારે છોકરાઓ અને છોકરીઓ માટે યોગ્ય રમકડાં નક્કી કરે છે (Weisgram et al., 2014). વધુમાં, શૈક્ષણિક રમકડાંના ફાયદાઓ અંગે વધતી જાગૃતિને કારણે ઘણા માતાપિતાઓ હવે માત્ર મનોરંજન માટેના રમકડાં કરતાં STEM આધારિત અને કુશળતા વિકસાવનાર રમકડાં પસંદ કરે છે (Yelland, 2011).

ઉપરાંત, રમકડાંની સામગ્રી, ગળામાં ફસાઈ જવાનો ભય અને ઇલેક્ટ્રોનિક રમકડાંમાં ડિજિટલ પ્રાઇવસી સંબંધિત ચિંતાઓ પણ માતાપિતાની નિર્ણય-પ્રક્રિયાને અસર કરે છે (Helland et al., 2020). Consumer Product Safety Commission (CPSC) અને European Union Toy Safety Directive જેવી સંસ્થાઓ દ્વારા અમલમાં મૂકાયેલા રમકડાં સલામતી નિયમો પણ માતાપિતાના અભિગમને ઘડે છે. ડિજિટલ મીડિયાની વધતી જતી અસરને કારણે ઇલેક્ટ્રોનિક રમકડાં અને સ્ક્રીન આધારિત રમકડાં વધુ પ્રચલનમાં જોવા મળે છે. કેટલાક માતાપિતા આ રમકડાંના શૈક્ષણિક અને આંતરક્રિયાત્મક પાસાઓની પ્રશંસા કરે છે, પરંતુ સ્ક્રીન સમયના વધારા, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને કલ્પનાશક્તિમાં ઘટાડો અંગે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે (American Academy of Pediatrics, 2016). સંશોધનો દર્શાવે છે કે ડિજિટલ રમકડાંના કેટલાક ફાયદા હોવા છતાં, તેનો અતિરેક ઉપયોગ હાથની ક્રિયાશીલતા અને સર્જનાત્મકતામાં ઘટાડો લાવી શકે છે (Zosh et al., 2018). પરિણામે, ઘણા માતાપિતાઓ પરંપરાગત અને ડિજિટલ રમકડાં વચ્ચે સંતુલન રાખવાનો પ્રયાસ કરે છે જેથી બાળકોનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થાય.

**સંદર્ભ સાહિત્ય:**

રમકડાંનો સૈદ્ધાંતિક પક્ષ

રમકડાં બાળકનાં વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. મનોવૈજ્ઞાનિક અને શૈક્ષિક સિદ્ધાંત પણ આ વાતને સમર્થન આપે છે. પિયાજે (1952) એ આપેલ સંજ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતના આધારે કહી શકાય કે રમકડાં બાળકનાં સંજ્ઞાનાત્મક વિકાસમાં મદદરૂપ થાય છે. રમકડાં બાળકને તેની આસપાસના વાતાવરણમાં શોધખોળ કરવાની અને આંતરક્રિયા કરવાની તક પૂરી પાડે છે. વિગોત્સકી (1978) ના સામાજિક સિદ્ધાંત પર દ્રષ્ટિ કરીએ તો રમકડાં સામાજિક અધ્યયનના સાધનો છે. કલ્પનાત્મક અને સહયોગાત્મક રમતો થકી બાળકોમાં ભાષા, સાંસ્કૃતિક સમજ અને સામાજિક કૌશલ્યનો વિકાસ થાય છે. એરિક્સન (1963) એ વ્યક્તિત્વ વિકાસમાં રમકડાંની ભૂમિકા પર ભાર મૂક્યો છે. રમકડાં બાળકોની જુદીજુદી મનોસામાજિક અવસ્થાઓ જેમ કે સ્વાયત્તા-શરમ, શરૂઆત-અપરાધબોધ વગેરેથી ઝઝૂમવામાં મદદરૂપ થાય છે. આના માધ્યમથી બાળકો પોતાની લાગણીઓને વ્યક્ત કરવાની અને સ્વતંત્રતાનો વિકાસ કરવાનું શીખે છે. બાંદુરા (1977) ના મતે બાળકો વર્તન કરવાનું અવલોકન

અને અનુકરણના માધ્યમથી શીખે છે. ખાસ કરીને મિડિયા પાત્રોથી સંકળાયેલ રમકડાં જેમ કે છોટા ભીમ વ્યવહારિક અનુકરણને અસર કરે છે અને જાતિ (છોકરો/છોકરી) આધારિત ભૂમિકાઓ અને ધોરણોને મજબૂત બનાવે છે. તેવી જ રીતે બ્રુનરનો સંરચનાવાદ સિદ્ધાંત (1966) સક્રિય અધ્યયન પર ભાર મૂકે છે. આ સિદ્ધાંત અનુસાર રમકડાં એક ઉપકરણ છે જે બાળકને તેના અનુભવના આધારે સંકલ્પનાઓની શોધ કરવામાં મદદરૂપ થાય છે. મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં ફ્રોઈડ (1905) ના મતે રમતો અચેતન મનની ઇચ્છાઓ વ્યક્ત કરવાનું માધ્યમ છે. ઢીંગલી અને એક્શન ફિંગર્સ જેવાં રમકડાં બાળકોને પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા અને તેની ઓળખ માટેની તક પૂરી પાડે છે.

રમકડાં સંદર્ભે પૂર્વે થયેલા સંશોધનો

સંશોધનોનો અભ્યાસ કરતા જણાય છે કે માતા-પિતા રમકડાં પસંદ કરતી વખતે સુરક્ષા, શૈક્ષણિક મૂલ્ય અને લાંબા સમય સુધી ચાલે તેવા રમકડાંને પ્રાથમિકતા આપે છે. (સ્મિથ અને અન્ય, 2020). રમકડાંણી પસંદગીમાં સામાજિક-આર્થિક પરિબળો પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઉચ્ચ આવક ધરાવતા પરિવારો સામાન્ય રીતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક રમકડાં પસંદ કરે છે, જ્યારે નિમ્ન આવક ધરાવતા પરિવારો સસ્તા અને ઉપયોગી રમકડાં પસંદ કરે છે. ઉપરાંત, જાતિ પણ  રમકડાંની પસંદગી અને ખરીદીને અસર કરનાર મહત્ત્વપૂર્ણ પરિબળ છે. ઉદાહરણ તરીકે છોકરાઓ માટે ક્રિયાપ્રધાન રમકડાં (જેમ કે કાર, એક્શન ફિગર) વધુ પસંદ કરવામાં આવે છે, જ્યારે છોકરીઓ માટે ઢીંગલી અથવા રસોડાનો સેટ જેવા રમકડાં વધુ પસંદ કરવામાં આવે છે. (જહોન્સન અને મીલર, 2018). માર્કેટિંગની નીતિઓ અને બાળકોના મિત્રવર્તુળની અસર પણ માતા-પિતાના નિર્ણયો પર થાય છે. (ડિટમાર, હેલીવેલ, અને આઇવ, 2006).

પ્રાચીન સમયથી રમકડાં બાળવિકાસ માટેના મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય સાધન તરીકે ગણાય છે. સંશોધન દર્શાવે છે કે વિવિધ પ્રકારનાં રમકડાં બાળકના જ્ઞાનાત્મક, સામાજિક અને ગત્યાત્મક કૌશલ્યના વિકાસમાં મદદરૂપ બને છે (ગિન્સબર્ગ, 2007). શૈક્ષણિક રમકડાં જેમ કે પઝલ્સ અને રચનાત્મક રમકડાં સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને સર્જનાત્મકતામાં વૃદ્ધિ કરે છે (હિર્શ-પાસેક અને અન્ય, 2009). બીજી તરફ, ઢીંગલી અને એક્શન ફિગર જેવા નાટકીય રમકડાં ભાવનાત્મક અને સામાજિક વિકાસને પ્રોત્સાહિત કરે છે (લિલાર્ડ અને અન્ય, 2013).

સુરક્ષા, બ્રાન્ડ અને માર્કેટિંગની નીતિઓ જેવા પરિબળો માતાપિતાની રમકડાંની પસંદગી સંદર્ભેના નિર્ણયો પર અસર કરે છે (સ્મિથ અને અન્ય, 2020). સંશોધનના તારણો પરથી ફલિત થાય છે કે ઉચ્ચ આર્થિક સ્તર ધરાવતા પરિવારો શૈક્ષણિક રમકડાં અને વિશ્વસનીય બ્રાન્ડને વધુ મહત્ત્વ આપે છે, જ્યારે નિમ્ન આર્થિક સ્તરના પરિવારો સસ્તા અને લાંબા સમય સુધી ચાલે તેવાં રમકડાંને પ્રાથમિકતા આપે છે (વ્હાઇટબ્રેડ, 2012). આ ઉપરાંત, જાતિ

આધારિત માર્કેટિંગ વર્તમાનમાં પણ રમકડાંની પસંદગીને અસર કરે છે અને પરંપરાગત જાતિ ભૂમિકાઓને મજબૂત બનાવે છે (વીસગ્રામ અને અન્ય, 2014).

સંશોધનોનો અભ્યાસ કરતા જણાય છે કે રમકડાં સંદર્ભે મીડિયા અને જાહેરાતો પણ માતાપિતાની રમકડાંણી પસંદગીઓ પર અસર કરે છે. રમકડાંની જાહેરાતો ઘણી વખત તે રમકડાંથી થતાં લાભોને દર્શાવે છે, જેનાથી ગ્રાહક એ રમકડાંને પસંદ કરે છે અને તેની માંગમાં વધારો થાય છે (ડિટમાર, હેલીવેલ અને આઇવ, 2006). શહેરી વિસ્તારોમાં બાળકો  ડિજિટલ મીડિયાના વધુ સંપર્કમાં આવે છે તેની અસર માતાપિતાની રમકડાં પસંદગી પર જોવા મળે છે. આ ઉપરાંત તેમની વયના બાળકોનો પ્રભાવ અને સામાજિક પ્રવૃત્તિઓ પણ વધુ અસર કરે છે (જોહ્ન્સન અને મિલર, 2018).

રમકડાં પસંદ કરતી વખતે બાળકોની સુરક્ષા પણ માતાપિતાના માટે એક મહત્વપૂર્ણનો મુદ્દો છે. સંશોધનના તારણો પર નજર કરીએ તો નોન ટોક્સિક સામગ્રી, લાંબાગાળા સુધી ચાલે તેવા અને સુરક્ષા ધોરણોના પાલનના મહત્ત્વ પર ભાર મૂક્યો છે (ગુન્ટર, ઓટ્સ અને બ્લેડ્સ, 2005). સુરક્ષા નિયમોના જાણકાર માતાપિતા સામાન્ય રીતે વધુ ગુણવત્તાયુક્ત અને સલામત રમકડાં પસંદ કરે છે (ટ્રાંટર અને વોર્ન, 2008).
સંશોધન અવકાશ : ઉપરોક્ત રમકડાં સંદર્ભેના સંશોધનોનો પર નજર કરીએ તો રમકડાં અને બાળ વિકાસ જેમાં રમકડાં બાળકોના બૌદ્ધિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ પર કેવી અસર કરે છે તે વિષય પર સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ મોટાભાગના સંશોધનો બાળકોના રમકડાંના ઉપયોગ, પ્રકાર અને શૈક્ષણિક મહત્વ પર કરવામાં આવ્યા છે; માતાપિતાના દ્રષ્ટિકોણથી રમકડાંની પસંદગીની પ્રક્રિયા અંગેના સંશોધન પર ભાર આપવામાં આવ્યો નથી. ઘણા સંશોધનો પશ્ચિમી દેશોના સંદર્ભમાં થયેલા છે, જ્યાં સાંસ્કૃતિક પરિબળો, જીવનશૈલી અને માર્કેટિંગની સ્થિતિ ભારતીય પરિપ્રેક્ષ્ય કરતા અલગ છે. ભારતીય સમાજમાં પારિવારિક મૂલ્યો, જાતિ આધારિત માન્યતાઓ, અને આર્થિક પરિસ્થિતિઓ રમકડાંની પસંદગીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ આ વિષય પર ભારતીય પરિપ્રેક્ષ્યમાં સંશોધન ખૂબ ઓછું જોવા મળે છે.

સમસ્યા કથન:

બાળકો માટે રમકડાં પસંદગીના સંદર્ભમાં માતાપિતાના દ્રષ્ટિકોણનો અભ્યાસ

હેતુ:

૧. બાળકો માટે રમકડાં પસંદગીના સંદર્ભમાં માતાપિતાના દ્રષ્ટિકોણનો અભ્યાસ કરવો.

સંશોધન પ્રશ્ન:

૧. બાળકો માટે રમકડાં પસંદગી અંગે માતાપિતાનો દ્રષ્ટિકોણ કેવો હશે?

૨. બાળકો માટે રમકડાં ખરીદતી વખતે માતાપિતા કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખતાં હશે?

૩. બાળકો માટે માતાપિતા કેવાં રમકડાં ખરીદતાં હશે?

૪. બાળકો માટે માતાપિતા ક્યાંથી રમકડાં ખરીદતાં હશે?

૫. રમકડાંને પ્રથમ વખત જોઈ કેવું વર્તન કરતું હશે?

૬. રમકડાંને પ્રથમ વખત જોઈ તેનો ઉપયોગ કેવી રીતે કરતું હશે?

૭. માતાપિતા કોની પસંદગીનું રમકડું ખરીદતા હશે?

સંશોધન પદ્ધતિશાસ્ત્ર:

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. આ માટે ગાંધીનગર જિલ્લાના જન્મથી ૬ વર્ષના બાળકોના માતાપિતા વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. નિદર્શ તરીકે ગાંધીનગર જિલ્લાના 101 બાળકોના માતાપિતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ માટે સ્નો બોલ દ્વારા નિદર્શની પસંદગી કરવામાં આવતી હતી. આ માટે સંશોધકે જન્મથી ૬ વર્ષના બાળકોના માતાપિતાનો સંપર્ક કર્યો હતો. જેમ-જેમ માતાપિતાનો સંપર્ક થતો હતો તેમ તેમ તેમની પાસેથી અન્ય માતાપિતાનો સંપર્ક કરી માહિતી એકત્રિત કરવામાં આવતી હતી. માહિતી એકત્રીકરણ માટે સંશોધક રચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી વિશ્લેષણ માટે વર્ણનાત્મક વિશ્લેષણ અંતર્ગત આવૃત્તિ વિતરણ અને ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતીનું વિશ્લેષણ: પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન સંશોધનના પ્રશ્નો અનુસાર નીચે મુજબ છે:

પ્રશ્ન-૧ બાળકો માટે રમકડાં ખરીદતી વખતે માતાપિતા કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખતાં હશે?

સારણી - ૧

રમકડાં ખરીદીમાં ધ્યાનમાં રાખવાની બાબતો સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| રમકડાં ખરીદીમાં ધ્યાનમાં રાખવાની બાબત | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | Freq. | % |
| રમકડાં તૂટે નહિ | 25 | 24.8 | 76 | 75.2 |
| રમકડાંની કિમત | 15 | 14.9 | 86 | 85.1 |
| બાળક રમકડાંથી ભણે | 60 | 59.4 | 41 | 40.6 |
| રમકડાંથી રમે/ખુશ થાય | 84 | 83.2 | 17 | 16.8 |
| ખોલીને જુવે નહિ | 6 | 5.9 | 95 | 94.1 |
| અવાજ ન કરે | 4 | 4 | 97 | 96 |
| વધુમાં વધુ એકલું રમી શકે | 7 | 6.9 | 94 | 93.1 |
| અન્ય | 3 | 3 | 98 | 97 |

આ અભ્યાસના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે બાળકો માટે રમકડાં પસંદ કરતી વખતે માતાપિતાઓ વિવિધ પરિબળોને અલગ-અલગ પ્રમાણમાં મહત્વ આપે છે. સારણી - ૧ મુજબ, મોટાભાગના માતાપિતાઓ (83.2%) એ સ્વીકાર્યું કે રમકડાં એવા હોવા જોઈએ જે બાળકોને આનંદ અને ખુશી આપે. આ સૂચવે છે કે રમકડાંના મનોરંજનાત્મક પાસાને માતાપિતાઓ સૌથી વધુ મહત્વ આપે છે.


તે પછી 59.4% માતાપિતાઓએ જણાવ્યું કે રમકડાં એવા હોવા જોઈએ જે બાળકના શૈક્ષણિક વિકાસમાં સહાયક બને. આથી સ્પષ્ટ થાય છે કે આધુનિક માતાપિતાઓ શૈક્ષણિક મૂલ્ય ધરાવતા, બાળકની વિચારશક્તિ અને સર્જનાત્મકતાને વિકસાવનારા રમકડાં પ્રત્યે વધુ જાગૃત બની રહ્યા છે.

બીજી બાજુ, “રમકડાં તૂટે નહિ” (24.8%) અને “રમકડાંની કિમત” (14.9%) જેવા મુદ્દાઓને તુલનાત્મક રીતે ઓછી પ્રાથમિકતા આપવામાં આવી છે. આથી અનુમાન થઈ શકે છે કે માતાપિતાઓ માટે રમકડાંની ગુણવત્તા કે કિંમત કરતાં તેના ઉપયોગી અને વિકાસાત્મક પાસાઓ વધુ મહત્વ ધરાવે છે.

“બાળક રમકડાં ખોલીને જુવે નહિ” (5.9%), “અવાજ ન કરે” (4%) અને “વધુમાં વધુ એકલું રમી શકે” (6.9%) જેવા મુદ્દાઓ માટેના પ્રતિસાદ દર્શાવે છે કે માતાપિતાઓ બાળકોની કુદરતી જિજ્ઞાસા, તપાસવાની ઈચ્છા અને સામાજિક રમણને સ્વીકારતા અભિગમ ધરાવે છે. ખાસ કરીને “અવાજ ન કરે” માટે 96% માતાપિતાઓએ “ના” જવાબ આપ્યો હોવાથી સ્પષ્ટ થાય છે કે બાળકોના અવાજવાળા રમકડાં અંગે તેઓ સહિષ્ણુ દ્રષ્ટિ ધરાવે છે.

આ રીતે કુલ મળીને જોવામાં આવે તો માતાપિતાઓના દ્રષ્ટિકોણમાં રમકડાંનું શૈક્ષણિક મૂલ્ય અને બાળકની ખુશી મુખ્ય પરિબળો તરીકે જોવા મળે છે. કિંમત, ટકાઉપણું અથવા અવાજ જેવા પરિબળો તુલનાત્મક રીતે ગૌણ માનવામાં આવ્યા છે. આ અભ્યાસ પરથી એ નિષ્કર્ષ પર પહોંચી શકાય છે કે આજના માતાપિતાઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે એવા રમકડાં પસંદ કરવા વધુ ઝુકી રહ્યા છે, જે એકસાથે મનોરંજક અને શૈક્ષણિક બંને હોય અને બાળકોના જ્ઞાનાત્મક તથા સામાજિક વિકાસને પ્રોત્સાહિત કરે.

આલેખ - ૧




રમકડાં ખરીદીમાં ધ્યાનમાં રાખવાની બાબતો સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ

પ્રશ્ન-૨ બાળકો માટે માતાપિતા કેવાં રમકડાં ખરીદતાં હશે?


સારણી - ૨

બાળક માટે રમકડાં પસંદગી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| બાળક માટે કેવાં રમકડાં | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | F | % |
| પ્લાસ્ટીકના | 55 | 54.5 | 46 | 45.5 |
| ચાઈનાના | 5 | 5 | 96 | 95 |
| માર્કેટમાં જે પણ ગમે | 45 | 44.6 | 56 | 55.4 |
| લાકડાંના | 35 | 34.7 | 66 | 65.3 |
| મેટલના | 10 | 9.9 | 91 | 90.1 |
| સોફ્ટ મટેરિઅલ | 53 | 52.5 | 48 | 47.5 |

| | | | | |
|---|---|---|---|---|
| માટીનાં | 10 | 9.9 | 91 | 90.1 |
| અન્ય | 3 | 3 | 98 | 97 |

સારણીના અવલોકન પરથી ખ્યાલ આવે છે કે સૌથી વધુ પસંદગી "પ્લાસ્ટિકના રમકડાં" (54.5%) અને "સોફ્ટ મટિરિયલના રમકડાં" (52.5%) માટે જોવા મળી. આથી અનુમાન થાય છે કે માતાપિતાઓ બાળકોની સલામતી અને આરામને ધ્યાનમાં રાખીને હળવા અને લવચીક સામગ્રીના રમકડાં પસંદ કરે છે. સાથે સાથે "પ્લાસ્ટિકના રમકડાં" (54.5%) અંગે સૌથી વધુ પસંદગી જોવા મળી છે જે એ દર્શાવે છે કે શક્ય છે કે માતાપિતા પ્લાસ્ટિકથી થતાં નુકસાન વિશે સભાન ન હોય. "લાકડાંના રમકડાં" માટે 34.7% પ્રતિભાવ મળ્યો, જે પરંપરાગત રમકડાં પ્રત્યેનો ઝુકાવ દર્શાવે છે. "ચાઈનાના" (5%), "મેટલના" (9.9%) અને "માટીનાં" (9.9%) રમકડાં માટે બહુ ઓછી પસંદગી જોવા મળી, જે શક્ય છે કે તૂટવાની શક્યતા, સલામતી અને ટકાઉપણાના પ્રશ્નોને કારણે હોય.




આલેખ - ૨

બાળક માટે રમકડાં પસંદગી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ


પ્રશ્ન-૩ બાળકો માટે માતાપિતા ક્યાંથી રમકડાં ખરીદતાં હશે ?

સારણી - ૩

બાળક માટે રમકડાં ખરીદી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| રમકડાં ક્યાંથી ખરીદો છો? | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | F | % |
| કોઈપણ દુકાનમાંથી | 90 | 89.1 | 11 | 10.9 |
| શોપિંગ મોલમાંથી | 22 | 21.8 | 79 | 78.2 |
| લારી પરથી | 8 | 7.9 | 93 | 92.1 |
| ઓનલાઈન | 1 | 1 | 100 | 99 |

સારણી -૩માં દર્શાવેલ આંકડાઓ મુજબ મોટાભાગના માતાપિતાઓ (89.1%) "કોઈપણ સામાન્ય દુકાનમાંથી" રમકડાં ખરીદે છે. માત્ર 21.8% માતાપિતાઓ "શોપિંગ મોલ"માંથી અને ખૂબ ઓછા 7.9% "લારી પર"થી રમકડાં લે છે. ડિજિટલ અને ઓનલાઈન ખરીદીના જમાનામાં આશ્ચર્યજનક રીતે, માત્ર 1% ઉત્તરદાતાઓઓએ જણાવ્યું કે તેઓ ઓનલાઈન રમકડાં ખરીદે છે. આ દર્શાવે છે કે નમૂના મુજબના માતાપિતાઓ હજી પણ પરંપરાગત ખરીદીના માધ્યમ પર વધુ વિશ્વાસ ધરાવે છે અને ઓનલાઇન ખરીદી માટે સીમિત રસ ધરાવે છે.




આલેખ - ૩

બાળક માટે રમકડાં ખરીદી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ

પ્રશ્ન-૪ રમકડાંને પ્રથમ વખત જોઈ કેવું વર્તન કરતું હશે ?

સારણી - ૪

રમકડાંને પ્રથમ વખત જોઈ બાળકના વર્તન સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| રમકડાંને પ્રથમ વખત જોઈ કેવું વર્તન કરે છે | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | F | % |
| રમીને જુએ | 59 | 58.4 | 42 | 41.6 |
| અવાજ સાંભળી પછી રમવાનું પસંદ કરે | 16 | 15.8 | 85 | 84.2 |
| રમકડાંને ખોલીને જોયા બાદ રમવા માટે ઉત્સુક થાય | 46 | 45.5 | 55 | 54.5 |
| અન્ય | 3 | 3 | 98 | 97 |

આ સારણીમાં મળેલ માહિતીના આધારે ખ્યાલ આવે છે કે જ્યારે બાળકને નવું રમકડું મળે ત્યારે તે કેવી પ્રતિક્રિયા આપે છે. મોટાભાગના બાળકો (58.4%) તરત જ રમવાનું શરૂ કરે છે, જ્યારે 45.5% બાળકો રમકડાં ખોલીને તેની રચના જોયા-સમજ્યા બાદ રમવા ઉત્સુક થાય છે. માત્ર 15.8% બાળકો પહેલા અવાજ સાંભળીને રમવાનું પસંદ કરે છે. આ સૂચવે છે કે બાળકોની જિજ્ઞાસા અને શોધખોળની વૃત્તિ પ્રબળ છે — તેઓ રમકડાંના સ્વરૂપ અને કાર્ય વિશે સ્વાભાવિક ઉત્સુકતા દર્શાવે છે.




આલેખ - ૪

રમકડાંને પ્રથમ વખત જોઈ બાળકના વર્તન સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ


પ્રશ્ન-૫ રમકડાંને પ્રથમ વખત જોઈ તેનો ઉપયોગ કેવી રીતે કરતું હશે ?

સારણી - ૫

રમકડાંને પ્રથમ વખત જોઈ તેના ઉપયોગ સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| રમકડાંને પ્રથમ વખત જોઈ તેનો ઉપયોગ | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | F | % |
| રમકડાંનો ઉપયોગ સદંતર જુદી રીતે કરે | 38 | 37.6 | 63 | 62.4 |

સારણી મુજબ 37.6% બાળકો રમકડાંનો ઉપયોગ મૂળ હેતુથી અલગ રીતે કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે આ બાળકોમાં સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનું સ્તર ઊંચું છે. 62.4% બાળકો રમકડાંનો ઉપયોગ પરંપરાગત રીતે કરે છે.




આલેખ - ૫

રમકડાંને પ્રથમ વખત જોઈ તેના ઉપયોગ સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ

પ્રશ્ન-૬ માતાપિતા કોની પસંદગીનું રમકડું ખરીદતા હશે ?


સારણી - ૬

રમકડાંની પસંદગી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતી સારણી

| કોની પસંદગીનું રમકડું ખરીદો છો | હા | | ના | |
|---|---|---|---|---|
| | Freq. | % | F | % |
| માતાપિતાની | 37 | 36.6 | 64 | 63.4 |
| બાળકની માતાની | 11 | 10.9 | 90 | 89.1 |
| બાળકના પિતાની | 7 | 6.9 | 94 | 93.1 |
| બાળકની | 87 | 86.1 | 12 | 11.9 |

આ સારણી ખૂબ મહત્વપૂર્ણ છે. સારણીના અવલોકન પરથી ફલિત થાય છે કે રમકડાંની ખરીદીમાં નિર્ણાયક ભૂમિકા કોની છે. મોટાભાગના પ્રતિભાવદાતાઓ (86.1%) એ જણાવ્યું કે તેઓ બાળકની પસંદગી મુજબ રમકડાં ખરીદે છે.

માતાપિતાની પોતાની પસંદગી માત્ર 36.6% સુધી મર્યાદિત છે, જ્યારે "બાળકની માતા" (10.9%) અને "બાળકના પિતા" (6.9%) ની પસંદગી પર આધારિત ખરીદી ખૂબ જ ઓછી છે. આથી સ્પષ્ટ થાય છે કે આજના માતાપિતાઓ બાળકોની ઇચ્છા અને પસંદને મહત્વ આપે છે અને તેમને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવે છે, જે બાળકેન્દ્રિત લાલનપાલનના આધુનિક અભિગમને પ્રતિબિંબિત કરે છે.




આલેખ - ૬

રમકડાંની પસંદગી સંદર્ભે માતાપિતાનો દ્રષ્ટિકોણ દર્શાવતો આલેખ

તારણો:

૧. માતાપિતાઓના દ્રષ્ટિકોણમાં રમકડાંનું શૈક્ષણિક મૂલ્ય અને બાળકની ખુશી મુખ્ય પરિબળો તરીકે જોવા મળે છે. કિંમત, ટકાઉપણું અથવા અવાજ જેવા પરિબળો તુલનાત્મક રીતે ગૌણ માનવામાં આવ્યા છે.

૨. માતાપિતા બાળકો માટે રમકડાં પસંદ કરતી વખતે પ્લાસ્ટિકના રમકડાં પ્રત્યે વધુ ઝુકાવ દર્શાવે છે. જે માતાપિતાની પ્લાસ્ટિકથી થતાં નુકસાન વિશેની અસભાનતા તરફ આંગળી ચીંધે છે.

૩. માતાપિતા રમકડાં પસંદગી માટે પરંપરાગત ખરીદીના માધ્યમ પર વધુ વિશ્વાસ ધરાવે છે અને ઓનલાઇન ખરીદી માટે સીમિત રસ ધરાવે છે.

૪. બાળકોની જિજ્ઞાસા અને શોધખોળની વૃત્તિ પ્રબળ છે. તેઓ રમકડાંના સ્વરૂપ અને કાર્ય વિશે સ્વાભાવિક ઉત્સુકતા દર્શાવે છે.

૫. 37.6% બાળકો રમકડાંનો ઉપયોગ મૂળ હેતુથી અલગ રીતે કરે છે. આ દર્શાવે છે કે આ બાળકોમાં સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનું સ્તર ઊંચું છે.

૬. મોટાભાગે માતાપિતા બાળકની પસંદગીના રમકડાં ખરીદે છે. આજના માતાપિતાઓ બાળકોની ઇચ્છા અને પસંદને મહત્વ આપે છે અને તેમને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવે છે, જે બાળકેન્દ્રિત લાલનપાલનના આધુનિક અભિગમને પ્રતિબિંબિત કરે છે.

સારાંશ :

આમ, સર્વાંગી રીતે જોવામાં આવે તો આ સંશોધન દર્શાવે છે કે માતાપિતાઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે એવા રમકડાં પસંદ કરે છે જે મનોરંજનાત્મક અને શૈક્ષણિક બંને હોય. તેઓ બાળકોની સ્વતંત્રતા, રસ અને ઉત્સુકતાને માન આપે છે, તેમજ સલામતી અને સામાજિક વિકાસને પ્રોત્સાહિત કરે છે. કિંમતી અથવા બ્રાન્ડેડ રમકડાં કરતાં ઉપયોગી અને શૈક્ષણિક રમકડાંને વધુ પ્રાધાન્ય આપવાની વૃત્તિ આ સંશોધનના પરિણામોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ સંશોધનમાં એવું પણ જોવા મળેલ છે કે માતાપિતા પરંપરાગત રમકડાં કરતાં પ્લાસ્ટિક અને સોફ્ટ મટિરિયલના રમકડાં વધુ પસંદ કરે છે, જ્યારે ઓનલાઇન ખરીદીની વૃત્તિ હજી ઓછી જોવા મળે છે. આથી, આ સંશોધન માતાપિતાની આધુનિક વિચારધારા, શૈક્ષણિક જાગૃતિ અને બાળકકેન્દ્રિત અભિગમને સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે.

**References:**


American Academy of Pediatrics. (2016). Media and young minds. *Pediatrics, 138*(5), e20162591.

Bandura, A. (1977). *Social Learning Theory*. Prentice-Hall.

Bruner, J. (1966). *Toward a Theory of Instruction.* Harvard University Press.

Erikson, E. H. (1963). *Childhood and Society.* Norton.

Freud, S. (1905). *Three Essays on the Theory of Sexuality.* Basic Books.

Ginsburg, K. R. (2007). "The importance of play in promoting healthy child development and maintaining strong parent-child bonds." *Pediatrics, 119*(1), 182-191.

Helland, S. H., Hjetland, G. J., Larsen, K., & Flouri, E. (2020). The association between toy safety concerns and parental purchasing decisions. *Journal of Consumer Studies, 34*(2), 157-174.

Hirsh-Pasek, K., Golinkoff, R. M., Berk, L. E., & Singer, D. G. (2009). *A Mandate for Playful Learning in Preschool: Presenting the Evidence.* Oxford University Press.

Lillard, A. S., et al. (2013). "The impact of pretend play on children’s development: A review of the evidence." *Psychological Bulletin, 139*(1), 1-34.

Milteer, R. M., & Ginsburg, K. R. (2012). The importance of play in promoting healthy child development. *Pediatrics, 129*(1), e204-e213.

Piaget, J. (1952). *The Origins of Intelligence in Children.* Norton.

Vygotsky, L. S. (1978). *Mind in Society: The Development of Higher Psychological Processes.* Harvard University Press.

Weisgram, E. S., Fulcher, M., & Dinella, L. M. (2014). "Pink gives girls permission: Exploring gender labels on children's toy preferences." *Journal of Applied Developmental Psychology, 35*(5), 401-409.

Whitebread, D. (2012). The importance of play: A report on the value of children's play with a series of policy recommendations. *University of Cambridge*.

Yelland, N. (2011). Reconceptualizing play and learning in the digital age. *Educational Media International, 48*(3), 213-225.

Zosh, J. M., Hirsh-Pasek, K., Hopkins, E. J., Jensen, H., Liu, C., Neale, D., & Whitebread, D. (2018). Accessing the inaccessible: Redefining play as a spectrum. *Frontiers in Psychology, 9,* 1124.